NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રીની શાખા**

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**વંચાણે:- ગુજરાત સરકાર, નાણાં વિભાગના ઠરાવ ક્ર.નં.વલભ/૧૦૨૦૧૬/જીઓઆઇ/૭/ચ, તા. ૦૭.૧૦.૨૦૨૫**

**સમય મર્યાદા/ખાસ અગત્યનું**

## પરિપત્ર

**દિવાળીના તહેવારને ધ્યાનમાં લઈ તિજોરી શાખામાં બીલ રજૂ કરવા માટેનું સમયપત્રક.**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, **તા.૨૦/૧૦/૨૦૨૫** ના રોજથી દિવાળીના તહેવારની રજાઓને ધ્યાનમાં લઈ નીચેની વિગતના બીલોનું ચુકવણું સમય મર્યાદામાં દિવાળી પહેલા કરી શકાય તે હેતુને ધ્યાનમાં લઈ નીચે મુજબના બીલો તિજોરી શાખામાં મોકલવાની આખરી તારીખ નકકી કરવામાં આવે છે.

| ક્રમ | બીલોની વિગત | બીલ રજુ કરવાની અંતિમ તારીખ |
|---|---|---|
| ૧. | મોંઘવારી ભથ્થા તફાવત, પુરવણી પગાર બીલો, મેડીકલ બીલો, એલ.ટી.સી., મુસાફરી ભથ્થાનાં બીલો. બોનસ બીલ. | ૧૩.૧૦.૨૦૨૫ |
| ૨. | બાંધકામને લગતા બીલો/કન્ટીજન્સી પાર્ટી પેમેન્ટ બીલો, એબસ્ટ્રેક બીલ, પ્રિ-ઓડીટનાં (૧ લાખથી ઉપરના) બીલો. | ૧૩.૧૦.૨૦૨૫<br>બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધીમાં |
| ૩. | મજુર મસ્ટરનાં બીલો. | ૧૬.૧૦.૨૦૨૫<br>બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધીમાં |

વધુમાં જણાવવાનું કે, તમામ પ્રકારના બીલો રજુ કરતી વખતે મંજુર થયેલ ગ્રાન્ટ કરતા વધારે ખર્ચ ન થાય તેની પુરતી તકેદારી રાખવી તેમજ સક્ષમ અધિકારીશ્રીની મંજુરી સિવાય માઈનસ ગ્રાન્ટમાં બીલો રજુ કરવા નહિ.

ઉપરોકત સમય મર્યાદામાં નિયમોને અધિન રહી બીલો અત્રેની કચેરીના તિજોરી શાખામાં મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી બીલોનું ચુકવણું દિવાળી પહેલા સમયસર કરી શકાય. **કન્ટીજન્સી બીલો સિવાય ખાસ કિસ્સામાં સરકારી ભરણાના બીલો સ્વીકારવામાં આવશે.** આ બાબતને ટોચ અગ્રીમતા આપવા જણાવવામાં આવે છે. સમય મર્યાદામાં બીલો રજૂ ન કરવામાં આવશે તો તેની તમામ જવાબદારી ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીની રહેશે. સમય મર્યાદા બાદ આવેલ બીલોના ચૂકવણાં દિવાળીની રજા પૂર્ણ થયા બાદ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

જા.નં.નકૃયુ/હિનિ/વવહિઅધિ/બી.૫/**૩૮૬૮**/૨૦૨૫

નવસારી. તારીખ:- ૦૮.૧૦.૨૦૨૫

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના:- (e-પરિપત્ર દ્વારા)**

૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારૂ.

૨: તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

**નકલ રવાના:- (e-પરિપત્ર દ્વારા)**

વહિવટી-વ-હિસાબી અધિકારી, ન.કૃ.યુ., નવસારી તરફ આ પરિપત્ર મુજબ અમલ થવા સારુ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.